અપીલ અરજી નં.૨૦૮ તા.૬–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બી. આર. વઘાસિયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી. આર. વઘાસિયાની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૪(અશ્વનીકુમાર), ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી ટીડીઓ /ડીપી/ ૨૭૬, તા.૧૬–૦૧–૦૯ થી મંજુર થયેલ મિલ્કત પર સુ.મ.પા. વિરુધ્ધમાં પ્લાન મંજુર ન કરવાનો સીવીલ દાવો નામદાર સીવીલ કોર્ટમાં નં. ૨૯૮/૦૮ થી પેન્ડીંગ હોવા છતાં કયા નિયમોને આધારે સુ.મ.પા. એ પ્લોન મંજુર કરેલ છે તથા સીટી સર્વે કચેરીના રેકર્ડમાં ફા. પ્લોટ નં.૮૦ના મુળ માલિકના નામ ચાલે છે તો સુ.મ.પા. એ કયા કયા પુરાવાના આધારે પ્લાન મંજુર કરેલ છે તેની વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૮/૨૦૧૧–૧૨

શ્રી બી. આર. વઘાસિયાની તા.૩૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ટી.પી.૪(અશ્વનીકુમાર), ફા.પ્લોટ નં.૮૦ સબ પ્લોટ નં. ૧ તથા ૨ ના બાંધકામની વિકાસ પરવાનગી ટીડીઓ / ડીપી / ૨૭૬, તા. ૧૬ –૦૧–૦૯ થી મંજુર થયેલ મિલ્કત પર સુ.મ.પા. વિરુધ્ધમાં પ્લાન મંજુર ન કરવાનો સીવીલ દાવો નામદાર સીવીલ કોર્ટમાં નં. ૨૯૮/૦૮ થી પેન્ડીંગ હોવા છતાં કયા નિયમોને આધારે સુ.મ.પા. એ પ્લોન મંજુર કરેલ છે તથા સીટી સર્વે કચેરીના રેકર્ડમાં ફા. પ્લોટ નં ૮૦ના મુળ માલિકના નામ ચાલે છે તો સુ.મ.પા. એ કયા કયા પુરાવાના આધારે પ્લાન મંજુર કરેલ છે તેની વિગત આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ના પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૨૫૩ તા.૦૧–૦૮–૧૧ થી અસંતોષકારક અને અધુરી માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૭ તા.૧૧–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર સંપર્ક કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તથા તેમ કર્યા પછી દાવા અનુસાર અધૂરી અસંતોષકારક માહિતી માટે આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૨૫૩ તા. ૨૯–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારે તા.૨૫–૮–૧૧ ના રોજ અરજી પરત ખેંચવા અંગેની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેનં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ આ.નં.૨૫૩ તા. ૦૧–૮–૧૧ ના પાઠવેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. તથા અરજદાર તરફથી અપીલ તબકકે પાઠવેલ પત્ર અંગેની પૂરક વિગતો મળેલ નથી. તેમજ ત્યાર બાદ અરજદારે તા.૨૫–૮–૧૧ થી પરત ખેંચેલી અરજી બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૯ તા.૩–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારીએ તેમની તા.૨૫–૮–૧૧ ના રોજ અરજી પરત ખેંચવામાં આવેલ હોવાનું તેમના આરટીઆઈ/આ.નં૨૫૩ તા.૨૯–૮–૧૧ ના પત્રથી જણાવેલ પત્રના અનુસંધાને સદર અપીલ અરજી ખરેખર તેમના ધ્વારા પરત ખેંચવામાં આવેલ છે કે કેમ તે અંગે સમર્થન કે બહાલી મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ તે અંગે પણ કોઈ પ્રત્યુત્તર મળેલ નથી.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૩ તા.૧–૮–૧૧ થી " વરાછાઝોનમાં રૂબરૂ ચાલુ ઓફિસ સમય દરમ્યાન સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે દફતરી ચકાસણી કરી તમારા ધ્વારા નિર્દિષ્ટ કરેલ માહિતી નિયમોનુસાર આપવામાં આવશે " તેવું જણાવેલ. જે બાબતે અરજદારે જવાબ સંતોષકારક નથી અને અધૂરી માહિતી હોવાનું જણાવી તા.૬–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અપીલ તબકકે અત્રેથી અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે કે કેમ? તેમજ તેમના દાવાનુસાર અધૂરી અને સંતોષકારક માહિતી માટે આધાર અને સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદારે તેવી પૂરક વિગતો અપીલ તબકકે પૂરી પડાયેલ નથી. ત્યાર બાદ અરજદારે જાહેર માહિતી અધિકારીએ તા.૨૫–૮–૧૧ થી " મારી અરજીની માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી અને અરજી પરત ખેંચું છું." તેવું જણાવેલ મુળ અરજીની નકલ અત્રે મળેલ છે જે બાબતે અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/૭૨૯ તા.૩–૯–૧૧ થી અપીલ તબકકે અરજી પરત ખેંચવા અંગે " સમર્થન કે બહાલી મોકલવા પત્ર પાઠવવામાં આવેલ.

જે અંગે અરજદારે કોઈ પણ પ્રત્યુત્તર પાઠવેલ નથી આથી અરજદારે તા.૨૫–૮–૧૧ ના રોજ માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી મે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેચું છું તેવું જણાવતી અરજદારની અરજી યર્થાથ નહીં હોવાનું માનવાને કારણ રહેતું નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીના તા.૧–૮–૧૧ ના પત્રથી આપેલ તપાસણીની તક અને તત્પશ્ચાત માહિતી પૂરી પાડવા કરેલ પ્રસ્તાવ તથા અરજદારની તા.૨૫–૮–૧૧ ના રોજ માંગ્યા મુજબની નકલો મળી ગયેલ હોઈ જવાબની જરૂર નથી મે કરેલી અરજી લેખિત સંમતિથી પરત ખેચું છું તેવું જણાવતી અરજીના ઉપલક્ષ્યમાં અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભરતભાઈ આર. વઘાસિયા,